संબંધોની સફળતા સામેવાળી વ્યક્તિ કેટલી બદલાય છે, તેમાં નથી પરંતુ તમે એને અનુકૂળ થવા કેટલા બદલાવ છો તેમાં છે - માનસસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૨૧ | ૪ ફેબ્રુઆરી, ૨૦૧૫, બુધવાર ; મહા વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મનપાનું ૧૧૫ કરોડની પુરાંતવાળું બજેટ

## રેવન્યુ આવકમાં ૫૭૪ લાખનો વધારો સૂચવાયો તો રેવન્યુ ખર્ચના નિભાવણી ખર્ચમાં રૂ. ૧૫૫ લાખનો ઘટાડો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ આજે ૨૦૧૫-૧૬ના કમિશનરશ્રીના ડ્રાફ્ટ બજેટમાં રૂ. ૪ કરોડ ૬૧ લાખનો વધારો સુચવ્યા પછી પણ રૂ. ૧૧૫ કરોડની પુરાંત સાથેનું બજેટ મંજૂર કર્યું હતું.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેનશ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલ આ બેઠકમાં કમિશનરશ્રીના રૂ. ૧૫૫.૨૮ કરોડના ડ્રાફ્ટ બજેટમાં ચર્ચા વિચારણાના અંતે રેવન્યુ આવક, રેવન્યુ ખર્ચ તથા કેપીટલ ખર્ચના કેટલાક સદરોમાં કરેલા વધારા-ઘટાડા બાદ રૂ. ૧૫૯.૮૯ કરોડનું બજેટ મંજૂર કરેલ છે.

આજની સ્થાયી સમિતિની બેઠકો મિલ્કત વેરની આવકમાં રૂ. પાંચ કરોડનો, વ્યવસાય વેરાની આવકમાં રૂ. ૧ કરોડનો વધારો તથા વ્યાજની આવકમાં રૂ. ૨ કરોડનો વધારો સૂચવ્યો છે.

આ ઉપરાંત સફાઈના સાધનોના ભાડાની આવકના નવીન સદરે રૂ. ૨૫ લાખ, રાજય સરકાર તરફથી ફાળવવામાં આવલ જિલ્લા ઈનોવેટીવ ફંડની રૂ. ૮૭.૫૦ લાખની આવકને પણ ધ્યાનમાં લેવામાં આવી છે.

સ્થાયી સમિતિએ રેવન્યુ આવકમાં રૂ. ૫૭૪.૭૮ લાખનો નેટ વધારો કરેલ છે. જયારે રેવન્યુ ખર્ચના નિભાવણી સદરે જુદા જુદા સ્તરે રૂ. ૧૫૫ લાખનો ઘટાડો અને કન્ટીજન્સી ખર્ચના સદરોમાં રૂ. ૩૧૮.૫૦ લાખનો વધારો કરેલ છે.

સને ૨૦૧૫-૧૬ના વિકાસના નવીન કામોની યોજનાઓ માટે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના સફાઈ દરમાં ૩૦૦ ટકાનો વધારો

## દૈનિક ૫૦ પૈસાના દરે રહેણાંક વિસ્તારમાં સફાઈ દર વસુલાશે : સફાઈના સાધનોના ભાડામાંથી પણ ૨૫ લાખની આવક મેળવવામાં આવશે : સફાઈનું સ્તર ઉચ્ચ બનાવવામાં આવશે : આશિષ દવે

### વિકાસમાં સૌને સામેલ કરનારૂ બજેટ છે : આશિષ દવે

ગાંધીનગર, તા. ૩

સ્થાયી સમિતિએ આજે મંજૂર કરેલ અંદાજપત્ર સૌને વિકાસમાં સામેલ કરનારૂ બની રહેશે તેવો વિશ્વાસ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેએ વ્યક્ત કર્યો છે.

શ્રી આશિષ દવેએ બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે વિકાસ અને સુખાકારીને ધ્યાને રાખવા ઉપરાંત સૌને તેમાં જોડવા વડીલ વંદનાની નવતર અભિગમ સાથેની યોજના અમલી બનાવવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે વેરા વસુલાતને અસરકારક બનાવવા માટે વેરા એકત્રીકરણ વાન ખરીદાશે જે દરેક સેક્ટરોમાં નિયમિત રીતે જશે જેથી કોર્પોરેશન સુધી આવવાનો સમય લોકોનો બચી જશે. આ ઉપરાંત એક મેડીકલ મોબાઈલ વાન ખરીદી લોકાના ઘર સુધી આરોગ્ય સેવાનો વ્યાપ લઈ જવાનું આયોજન છે.

તેમણે કહ્યું કે શહેરમાં પ્રદૂષણ થતુ અટકે તે માટે સીએનજી ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ તેમજ ઈલેક્ટ્રીકલ ટ્રાન્સપોર્ટેશન માટે રૂ. ૩ કરોડની

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર મહાનગરપાલિકાએ રહેણાંક વિસ્તારમાં સફાઈના દરમાં ૩૦૦ ટકાનો વધારો સૂચવી અને કમિશનરશ્રીની દર વધારાની દરખાસ્તનો સ્વીકાર કર્યો છે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે ચેરમેનશ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં સફાઈ વેરાના દરમાં સુધારા સાથે સ્વીકાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કમિશનરશ્રીએ માસિક રૂ. ૬૦ના દરે વસુલાતની દરખાસ્ત કરી હતી જેની સામે સ્થાયી સમિતિએ માસિક રૂ. ૧૫નો દર નિયત કરી દરખાસ્તનો સ્વીકાર કર્યો હતો.

સ્થાયી સમિતિની આજની બેઠકો કમિશનરશ્રીએ સૂચવેલા બજેટમાં રૂ. ૩.૧૯ કરોડનો વધારો કરી બજેટનું કદ રૂ. ૧૫૯.૮૬ કરોડ કરવાનો નિર્ણય કર્યો હતો.

બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં ચેરમેનશ્રી આશિષ દવેએ સફાઈ દરના વધારાનો બચાવ કરતાં જણાવ્યું હતું કે દૈનિક ૫૦ પૈસા સફાઈ દર વસુલવાનો નિર્ણય એ યોગ્ય છે. તેમણે કહ્યું કે નિર્મળ ગામોમાં દૈનિક રૂ.એકના દરે આ ચાર્જ વસુલવામાં આવે છે.

શ્રી દવેએ જણાવ્યું હતું કે સફાઈનું હાલનું જે ધોરણ છે તેમાં સુધારો લાવવામાં આવશે. ગાંધીનગર શહેરની સ્વચ્છતાનું ધોરણ વૈશ્વિક સ્તરનું બનાવવાની ઈચ્છા ચૂંટાયલી પાંખની હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે સ્વચ્છ નગરના સંકલ્પને સાકાર કરવા માટે કાઉન્સીલરોને પણ તેમના વિસ્તારના વિકાસ કામોમાં અપાતી ગ્રાન્ટમાં રૂ. ૧ લાખનો વધારો કરી અને તે માત્ર સ્વચ્છતા અભિયાન પાછળ જ વાપરવાનો ઐતિહાસિક નિર્ણય પણ આ બેઠકમાં લેવામાં આવ્યો છે.

સફાઈ કામગીરી પાછળનો ખર્ચ વધતો જતો હોવાનો એકરાર પણ તેમણે કર્યો હતો. શ્રી દવેએ જણાવ્યુ હતું કે સ્વચ્છતા મિશનની સાથે સાથે બજેટમાં ઘણા બધા નિર્ણયો નવા કરવામાં આવ્યા છે. જેમ કે મિલ્કતવેરા અંગે નવેસરથી સર્વે કરવાનો, વ્યવસાવેરા અંગે પણ અલગથી સર્વે કરવા સહિત કોર્પોરશને તેની આવકમાં વધારો થાય તેના પર પણ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

તેમણે જણાવ્યુ હતું કે સફાઈ સાધનોના ભાડાની આવકના નવીન સદરે રૂ.૨૫ લાખને પણ ધ્યાન

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

બોર લ્યો કોઈ બોર લ્યો... - શિયાળામાં બોર, શેરડી અને બીજા લીલા શાકભાજીનું ખુબ જ મહત્વ વર્ણવાયું છે... શેરી, મહોલ્લા કે સોસાયટીમાં બોર લ્યો કોઈ બોર લ્યો...નો સાદ સંભળાય ત્યારે નાના ભૂલકાઓ દોડીને બોર ખરીદવા ઉમટી પડે છે... આજકાલ બજારમાં બોરની બોલબાલા એટલી જ જળવાઈ રહી છે...

# અંબોડ અશ્વમેળાનું સમાપન

## મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિ : અશ્વમેળામાં દેશભરના ૬૦૦થી વધુ અશ્વોના કરતબથી સૌ મંત્રમુગ્ધ

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે અશ્વમેળાઓના આયોજનથી રાજ્ય સરકાર અશ્વ ઓલાદ અને ઉત્તમ નસલના જતન-સંવર્ધન માટે પ્રતિબદ્ધ છે તેવો સ્પષ્ટ સંકેત આપ્યો હતો.

આ સંવર્ધનમાં તેમણે કહ્યું કે માત્ર અશ્વો જ નહિ સમગ્ર પશુ સૃષ્ટિ-પશુપાલન એ ગ્રામીણ અર્થતંત્ર અને સમાજની મૂડી છે તેના જતન-સંવર્ધન જાળવણી માટે રાજયના પશુપાલન વિભાગે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે.

મુખ્યમંત્રીશ્રીએ અંબોડ અશ્વમેળા સોસાયટી દ્વારા ગાંધીનગર જિલ્લાના અંબોડ ગામના સાબરમતી નદીના નૈસર્ગિક વાતાવરણ અને કોતરોમાં યોજાયેલાં અશ્વ મહોત્સવનું સમાપન કરાવ્યું હતું.

તેમણે આ અશ્વ-શો સાહસિક રમત અને રોમાંચનો ભાવ બાળ પેઢી સહિત યુવાનોમાં ઉજાગર કરનારો બન્યો છે તે માટે આયોજકોને બિરદાવ્યા હતા.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં છેલ્લા ૫ વર્ષમાં અશ્વ પાલનની પ્રવૃત્તિમાં ૩૦ ટકાનો વધારો થયો છે. રાજ્યમાં વર્ષ ૨૦૧૨માં થયેલ અશ્વ ગણતરીનુસાર રાજ્યમાં ૧૮,૨૬૪ અશ્વો છે. જેમાં ૧૩ હજાર જેટલા કાઠિયાવાડી અશ્વ અને ૫ હજાર મારવાડી અશ્વો છે.

અંબોડ ખાતે યોજાયેલ અશ્વ મહોત્સવમાં દેશના ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર રાજ્ય સહિત રાજયના વિવિધ જિલ્લામાંથી ૬૦૦થી વધુ અશ્વો અને ૧૭૪ જેટલા અશ્વપાલકોએ ભાગ લીધો છે. સપ્તાહના અશ્વ મહોત્સવમાં રૂા. ૧.૫૦ કરોડના અશ્વની લે-વેચ થઈ છે.

આ અશ્વ મહોત્સવ થકી અશ્વના શણગારને લગતી ચીજ-વસ્તુઓના વેચાણનો નવો વિકલ્પ મળ્યો છે, અનેક લોકોને રોજગારીની નવી તક ઉભી થઈ છે. ૩૧ લાખથી વધુ લોકોએ અશ્વ મહોત્સવની મુલાકાત લીધી છે.

અશ્વ મેળા થકી મહિલા સશક્તિકરણને પ્રોત્સાહિત કરવા માટે સખી મંડળોની બહેનોને વિવિધ ચીજ-વસ્તુઓના વેચાણ અર્થે સ્ટોલ આપવામાં આવ્યા હતા.

આભારવિધિ જિલ્લા વિકાસ અધિકારી, ગાંધીનગર શ્રી વિક્ટર મેકવાને કરી હતી.

આ સમાપન સમારંભમાં સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલ, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગરના રેન્જ આઈ.જી. શ્રી રાજીવ રંજન ભગત, જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલ સહિત અનેક મહાનુભાવો અને મોટી સંખ્યામાં અશ્વ પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.









(તસવીર : દિપક જાની)







